**વડીલોને વંદન**

## અભિનંદન

**આજે જન્મદિવસ**



નટવરભાઈ કચરાભાઈ વ્યાસ (૧૯૩૮) મો.૯૮૨૫૫૫૧૪૧૮



શિલાબેન બિપીનકુમાર શાહ (૧૯૪૭) ફોન: ૨૩૨૪૦૬૫૦

# અદ્યતન ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેકના લીધે પૈડા પરની જિન્દગી સલામત બનશે

### આર.ટી.ઓ.માં સેન્સર બેઈઝડ આધારિત ટેસ્ટ ટ્રેકનો ઉપયોગ થશે : ડ્રાઈવીંગ ક્વોલીટી સુધરશે

ગાંધીનગર, તા. ૨૫

રાજયની પ્રથમ હાઈટેક આર.ટી.ઓ. કચેરી ખાતે સેન્સર બેઈઝડ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક તૈયાર થઈ રહ્યો છે. આ ટ્રેક આધારિત ટેસ્ટમાં વાહનચાલકોએ વિવિધ ચાર પ્રકારની ડ્રાઈવીંગ ટેસ્ટમાંથી પાર થવુ પડશે. અદ્યતન ટ્રેકના લીધે નાગરિકોની ડ્રાઈવીંગ ક્વોલીટી સુધરશે. આ ઉપરાંત ડ્રાઈવીંગ અને પાર્કીંગ સેન્સમાં બદલાવ આવતા શહેરમાં પૈડા પરની જિન્દગી વધુ સલામત બનશે.

શહેરની નવીન આર.ટી.ઓ. કચેરીમાં મોટાભાગની કામગીરી કોમ્પ્યુટર આધારાતિ હોવાથી અરજદારોનું કામ આંગળીના ટેરવે નિભાવવામાં આવે છે. ઓનલાઈન એનોઈટમેન્ટના માધ્યમથી અરજદારોનો સમય અને તે મુજબ ઝડપની લાયસન્સ ઈસ્યુ કરવા ઉપરાંત વાહન નોંધણી સહિતની પ્રકીયા હવે સરળતાપૂર્વક થાય છે. રાજયની પ્રથમ હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં હવે લાયસન્સ ઈસ્યુ કરતા પૂર્વે વાહનચાલકો કાબેલ ડ્રાઈવર બની શકે તે માટે નવો ડ્રાઈવીંગ ટ્રેક તૈયાર થઈ રહ્યો છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર નવીન આર.ટી.ઓ. કચેરીના કેમ્પસમાં સેન્સર બેઈઝ્ડ ઓટોમોટીવ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક બનાવવાનું કામ હાથ ધરાયું છે.

ગત ચોમાસા દરમિયાન ટ્રેક બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે ટૂંક સમયમાં આ ટ્રેક તૈયાર થઈ જશે. નવા વર્ષથી અરજદારોએ અદ્યતન ટ્રેક આધારિત કસોટી પાર કરી લાયસન્સ મેળવવું પડશે. સેન્સર બેઈઝ્ડ ટ્રેકમાં પ્રોગ્રામીંગની સુવિધા હોવાથી ડ્રાઈવીંગ ટેસ્ટ આપતા અરજદારોની ભૂલો પકડાશે. આ ટ્રેકમાં વાહનચાલકોએ વિવિધ ચાર પ્રકારની ટેસ્ટ આપવાની રહેશે. જેમાં પાર્કીંગ ટેસ્ટ, ઢાળનું ચઢાણ-ઉતાર, અંગ્રેજી-૮ અને રીવર્સ એમ સહિતના ટ્રેક પર ડ્રાઈવીંગની કસોટી લેવાશે. જેના લીધે શહેરના રોડ નેટવર્ક પર ડ્રાઈવીંગની ક્વોલીટી સુધરશે અને રોડ સેફ્ટી પણ વધશે. સમગ્ર દેશમાં થતા અકસ્માતો પૈકી ૯૦ ટકા માર્ગ અકસ્માતનો ભોગ બનતા હોવાનું મનાય છે. ત્યારે ટ્રેકના લીધે વાહનચાલકોની ડ્રાઈવીંગ સેન્સ સુધરતા માર્ગ સલામતીનું ચિત્ર પણ સુધરશે.



નવરાત્રી મહોત્સવની ઉજવણી નિમિત્તે ગાયત્રી મંદિર, સૅક્ટર-ખાતે જ્યોતિ મહિલા મંડળ દ્વારા બેઠા ગરબાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.
(તસવીર : દિપક જાની)

## ઈલ-ઉલ-અઝહા (બકરી ઈદ)ની ઉજવણી શનિવારે

### ધો-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા મુસ્લિમ વિદ્યાર્થીઓને તહેવારના દિવસે પરીક્ષા આપવી પડશે

ગાંધીનગર, તા.૨૫

રમઝાન ઈદની જેમ જ બકરી ઈદની ઉજવણી એક દિવસ પાછી ઠેલાઈ છે. જો કે શુક્રવારની જાહેર રજા યથાવત રખાતા વિદ્યાર્થી આલમમાં થોડોક રોષ જોવા મળી રહ્યો છે.

આ વર્ષે ઈદની ઉજવણી પાછળ ઠેલાઈ છે. શુક્રવારે ઈદ-ઉલ-અઝહા (બકરી ઈદ)ની જાહેર રજા છે પરંતુ મુસ્લિમ સમાજમાં તેની ઉજવણી શનિવારે કરવામાં આવશે. શનિવારે ઈદગાહ અને તમામ મસ્જિદોમાં બકરી ઈદની નમાઝ અદા કરવામાં આવશે.

આ વર્ષે રમઝાન ઈદની ઉજવણી પણ એક દિવસ પાછી ઠેલાઈ હતી તેમ બકરી ઈદ પણ એક દિવસ પછી ઉજવાશે. જો કે શનિવારે રજા જાહેર ન કરાતા સૌથી મોટી મુશ્કેલી વિદ્યાર્થીઓને પડશે કારણ કે આ દિવસે ધો-૧૨ સાયન્સની પરીક્ષા છે. મુસ્લિમ વિદ્યાર્થીઓને મોટા તહેવારમાં પરીક્ષા આપવા જવું પડશે તેથી થોડોક કચવાટ જોવા મળી રહ્યો છે.

## ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખની સરકારમાં રજૂઆત

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ તરીકે ધનજીભાઈ પટેલની વરણી થઈ છે. જે છેલ્લા છ વર્ષથી સાબરકાંઠા જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ તરીકે સેવા આપે છે અને આજે ગુજરાત નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ તરીકે પણ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. તેમણે ગુજરાત સરકારને પેન્શનર્સના અટવાયેલા પ્રશ્નો અંગે મૌખિક રજૂઆત કરી પેન્શનર્સને મળી શકતા લાભો આપવા વિનંતી કરી છે.

નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ ધનજીભાઈએ ખાસ રજૂઆત કરતા જણાવ્યું છે કે, પેન્શનર્સના ઘણા પ્રશ્નો સરકારમાં અટવાયેલા છે. છતાં હાલમાં ત્રણ પ્રશ્નોનું નિરાકરણ સરકારે આપવું જોઈએ. જેમકે, અપરિણીત પુત્રીને આજીવન પેન્શનનો લાભ આપો, દિવાળીના તહેવારોમાં પાંચમો છેલ્લો હપ્તો ચૂકવી દેવો જોઈએ અને એસ.ટી.માં અન્ય રાજ્યોની જેમ પેન્શનર્સને ૫૦ ટકા રાહત આપવી જોઈએ.

પેન્શનર્સ સમાજે છેલ્લા ઘણા સમયથી સરકારને ત્રણ પ્રશ્નો બાબતે રજૂઆત કરી છે અને આ રજૂઆતને સરકાર ધ્યાનમાં લે તથા દિવાળીના તહેવારોમાં યોગ્ય જાહેરાત કરી ન્યાયીક વલણ સરકાર અપનાવે તેવું સૌ ઈચ્છી રહ્યા છે.

## લાભપાંચમ બાદ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પ્રચારનો ધમધમાટ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં લાભ પાંચમ બાદ ચૂંટણી પ્રચાર અને ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાનો ધમધમાટ શરૂ થશે.

આ વખતે વિધાનસભાની ચૂંટણીઓ આડે એક મહિના જેટલો લાંબો સમય હોવાને કારણે રાજકીય પક્ષો માટે ચૂંટણી પ્રચાર મોંઘો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. સમય લાંબો હોવાને કારણે રાજયમાં હજુ રાજકીય પક્ષોનો વિધિવત ચૂંટણી પ્રચારના પડઘમ શરૂ થયા નથી.

દિવાળીના તહેવારો બાદ રાજકીય પક્ષો દ્વારા પ્રથમ તબક્કાની ૮૫ બેઠકો માટેની ઉમેદવાર પસંદગી પ્રક્રિયાને વેગીલી બનાવીને ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ગુજરાત ભાજપ દ્વારા આગામી ૩૦મીથી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો દોર હાથ ધરવામાં આવનાર છે. આ બેઠકમાં ૮૫ બેઠકો માટેના ઉમેદવારોના નામોની પસંદગી કરીને લાભ પાંચમ બાદ નામોની યાદી જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

લાભ પાંચમ બાદ ભાજપ અને કોંગ્રેસ દ્વારા સમગ્ર ગુજરાતમાં વિધિવત રીતે ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરીને ચૂંટણી પ્રચારને વેગીલો બનાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. દિવાળીના તહેવારો બાદ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી સભાઓ સંમેલનોનો ધમધમાટ શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો દ્વારા આ વખતે ચૂંટણી પ્રચાર માટે રાષ્ટ્રીય નેતાઓના ધાડાઓ ઉતારવામાં આવશે. સાથોસાથ આ વખતે બન્ને રાજકીય પક્ષો દ્વારા રાજકીય નેતાઓ ઉપરાંત કેટલાક બોલીવુડના ફિલ્મ અભિનેતાઓને પણ ચૂંટણી પ્રચારના મેદાનમાં ઉતારવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ આ વખતે ચૂંટણી પ્રચારમાં રાજ્ય સરકારે કરેલા વિકાસ કાર્યોને મુખ્ય મુદ્દો બનાવીને વિકાસના નામે મત માંગશે સાથોસાથ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને કરવામાં આવતાં અન્યાયને પણ મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવવામાં આવનાર છે.

## બોરીસણામાં યુવકે ફીયાન્સીને બચકા ભરી બળાત્કારનો પ્રયાસ કર્યો !

### રાત્રે અઢી વાગે ગરબા જોઈને પરત ફરતી વખતે વાહન કાચા રસ્તે અંધારામાં લઈ જઈ કૃત્ય આચર્યું

કલોલ, તા. ૨૫

કલોલ નજીક આવેલા બોરીસણા ગામમાં આઠમની રાત્રે ગરબા રમીને બાઈક પર ફીયાન્સીને એક કાચા રસ્તે લઈ જઈને ફીયાન્સે શરીરસુખ માણવાની ઈચ્છા પ્રગટ કરતાં ફીયાન્સીએ ઈન્કાર કરી દીધો હતો. જેથી ઉશ્કેરાઈ જઈને તેણે તેની ફીયાન્સીને બળજબરીપૂર્વક પકડી રાખીને બચકાઓ ભરી બળાત્કારનો પ્રયાસ કર્યો હોવાની કલોલ તાલુકા પોલીસમથકે ફરીયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ બોરીસણા ગામની યુવતી સાથે છ માસ અગાઉ બોરીસણા ગામની જ ન્યુ લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા ચિરાગ દિનેશભાઈ ઠાકર સાથે સગાઈ થઈ હતી. આઠમની રાત્રે બન્ને યુગલ ગરબા રમવા ગયા હતા. રાત્રે અઢી વાગ્યે પરત ઘરે ફરતી વેળાએ ચિરાગે તેનું વાહન બોરીસણા ગામના એક કાચા રસ્તે લઈ લીધુ અને વાહન ઉભુ કરી દઈને તેની ફીયાન્સી સાથે લગ્ન પૂર્વેજ લગ્નેતર સંબંધો બાંધવા હઠ પકડી. ફીયાન્સીએ તેને ચોખ્ખી ના પાડી દેતા ઉશ્કેરાઈ જઈને મારઝુડ શરૂ કરી દીધી અને હોઠ તથા નાક પર બચકા ભરવાનું શરૂ કરી દીધું હતું. ચિરાગનો ભાઈ વિજય પાછળથી ત્યાં આવી પહોંચ્યો, ચિરાગની ફિયાન્સીના હાથ પકડી રાખ્યા અને ચિરાગે તેણીની પર બળાત્કારનો પ્રયાસ કર્યો હતો. આ બનાવ અંગે કોઈને પણ જાણ કરી તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી પણ આપી હતી. હેમખેમ લાજ બચાવીને નિકળી ગયેલી યુવતીને ઈજાઓને પગલે કલોલની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. તેણીની ફરિયાદને આધારે કલોલ તાલુકા પોલીસે બન્ને ભાઈઓ વિરૂદ્ધ ગુનો દાખલ કરી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## સરકારી કચેરીઓમાં મીની વેકેશન જેવો માહોલ સર્જાયો

ગાંધીનગર, તા. ૨૫

સરકારી કચેરીઓમાં સળંગ ત્રણ દિવસની રજાઓ આવતા સચિવાલયમાં મીની વેકેશન જેવો માહોલ સર્જાવા પામ્યો છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાં ચૂંટણી આચારસંહિતા અમલી બની જવા પામી છે જેના કારણે હવે પ્રજા વિકાસના કોઈ કામો રાજય સરકાર હાથ ધરી શકે નહિ કે કોઈના માટે ભલામણ પણ કરી શકે નહીં. જેના કારણે હવે સચિવાલયમાં કામ અર્થે આવતા મુલાકાતીઓની સંખ્યા પણ ઘટવા પામી છે.

આવતીકાલે ઈદની જાહેર રજા છે અને શનિ રવિની પણ જાહેર રજાને કારણે સરકારી કચેરીઓમાં સળંગ ત્રણ દિવસની રજાઓ આવતાં સરકારી કચેરીઓમાં પણ રજા જેવો માહોલ જોવા મળ્યો છે.

સચિવાલયના વિભાગોમાં કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળતી હતી. જયારે રાજયમંત્રી મંડળના મંત્રીઓ પણ ચૂંટણી પ્રચાર અર્થે અને ચૂંટણી કામગીરીમાં પોતાના મતવિસ્તારોમાં હોઈ મંત્રી કાર્યાલયો પણ સુમસામ ભાસતા હતાં.

રાજય સરકારની કચેરીઓના કેટલાક કર્મચારીઓ અને જિલ્લા કલેકટર કચેરીઓને ચૂંટણીની કામગીરી સોંપવામાં આવેલ હોઈ આ કચેરીઓમાં કર્મચારીઓ કામગીરીમાં વ્યસ્ત જોવા મળતા હતાં.

## હળવાશ કરી

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રકમ ઉપાડી છે અને આ હેતુસર ઉપાડી છે તેવું રજુ કરતાં તેને સીઝર લાગુ પડશે નહિ તેવી સૂચનાઓ જારી કરી છે.

પંચે એવી પણ સૂચનાઓ આપી છે કે રોકડ રકમનું સિઝર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની હાજરી વિના કરી શકાશે નહિ. આ ઉપરાંત ફલાઈંગ સ્કવોડ તેમજ સ્ટેટીક સર્વેલન્સ ટીમના સભ્યોએ તેમના ઓળખકાર્ડ જોઈ શકાય અને વાંચી શકાય તે રીતે લગાવવાના રહેશે.

ગુજરાતમાં દિવાળીના આવી રહેલા પર્વોને ધ્યાનમાં રાખી વેપારી એસોસીએશન અને ચેમ્બર ઓફ કોમર્સ સહિતના સંગઠનોએ ચૂંટણીપંચ સમક્ષ કરેલી રજૂઆતને અંતે આ અંગેના હૂકમો જારી કર્યા છે.

૨૯મીએ ચૂંટણીપંચ આવી રહ્યુ છે તેના પહેલાં કરવામાં આવેલી આ જાહેરાતથી વેપારીઓ અને ખેડૂતોને રાહત થશે તેમ મનાઈ રહ્યું છે.

## શબ્દાવલી - ૪૮૮૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | | ■ | ૮ | | |
| ૯ | | ૧૦ | | ■ | | ■ | |
| ■ | ૧૧ | | ■ | ૧૨ | | ૧૩ | ■ |
| | | ■ | ૧૫ | | | | ■ |
| | ■ | ૧૬ | | | ■ | ૧૭ | ૧૮ |
| ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | ■ | |
| ૨૩ | | ■ | ૨૪ | ■ | ૨૫ | | |

**આડી ચાવી**

૧. સગવડ, સુવિધા (૪)
૪. આશ્ચર્ય કારક (૩)
૭. એક કઠોર (૨)
૮. એક ધાતુ (૩)
૯. મગ્ન, એકાગ્ર (૪)
૧૧. એક તરત સળગી ઉઠે તેવો પદાર્થ (૨)
૧૨. સુંદર સ્ત્રી (૩)
૧૪. ઘણું, વધારે (૨)
૧૫. પડદો, આડશ (૪)
૧૬. તલની એક બનાવટ (૩)
૧૭. મર્યાદામાં સ્પેશિયલ ગુંદર વગેરે નાખી પાક બનાવે તે (૩)
૧૯. શિયાળામાં સ્પેશિયલ ગુંદર વગેરે નાખી પાક બનાવે તે (૩)
૨૧. પથિક, વટેમાર્ગુ (૨)
૨૩. ... મારવી, ગપ્પા (૨)
૨૪. પવન, વાયુ (૧)
૨૫. સ્હેજ, થોડુંક (૩)

**ઊભી ચાવી**

૧. પ્રશ્ન (૩)
૨. તીવ્ર ઉત્કંઠા (૫)
૩. મગ્ન (૩)
૪. માધુરીની મોટા બેનરવાળી એક ફિલ્મ (૫)
૫. ગમે તેટલું કરો તોય... ના માથે જૂતા (૨)
૬. બગલા જેવું એક પંખી (૩)
૧૦. માથામાં પડે (૨)
૧૨. પૈસા (૪)
૧૩. લગ્ન, મેરેજ (૩)
૧૪. વગ, ઓળખાણ (૪)
૧૫. એક ધાન્ય (૨)
૧૬. રેતી (૨)
૧૮. ચમક..., દમકાટ (૩)
૨૦. નાગ, સર્પ (૨)
૨૨. બીજ અને ચોથની વચ્ચેની તિથિ (૨)

**શબ્દાવલી ૪૮૮૦ના જવાબ**

**આડી ચાવી :-** (૧) પ્રત્યક્ષ (૩) યોજના (૬) અનિમેસ (૭) યામીની (૯) લોપ (૧૦) વાંચનાલય (૧૨) જનારો (૧૩) યાર (૧૫) પાણી (૧૬) ગતિવિધિ (૧૮) કિનારી (૨૦) પારા (૨૧) લકી (૨૨) રમા (૨૩) કણ

**ઊભી ચાવી :-** (૧) પ્રગતિ (૨) ક્ષમાયાચના (૩) યોનિ (૪) જમેલો (૫) નાસપતિ (૬) અનીલ (૮) મીનારો (૧૦) વાંજણી (૧૧) યયાતિ (૧૪) રવિ પાક (૧૫) પાયલ (૧૬) ગરીમા (૧૭) ધીરાણ (૧૯) નાર

## મેળામાં ધક્કામુક્કી

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વર્ષે પણ લાખોની સંખ્યામાં ભક્તો મોડી રાતથી જ પલ્લીના દર્શનાર્થે આવી પહોંચ્યા હતા. વહેલી સવારે ચારેક વાગ્યાના અરસામાં પલ્લીના કરવામાં આવેલા પ્રસ્થાન બાદ દ્વીતીય ચરણમાં પલ્લી મોટા માઢના ચોક પાસે પહોંચી ત્યારે ઘી ચઢાવવા માટે ભક્તો વચ્ચે ધક્કામુક્કી થઈ ગઈ હતી. શ્રદ્ધાળુઓના ભારે ઘસારા વચ્ચે થયેલી ધક્કામુક્કીમાં ૧૧ જેટલા શ્રદ્ધાળુઓ ભક્તોના ટોળા વચ્ચે દબાઈ જતાં પગ નીચે આવી ગયા હતા. જે પૈકી સે. ૨૪માં મકાન નં. ૬૪૮, આદર્શનગર ખાતે રહેતા ૫૨ વર્ષીય અલ્કાબેન હર્ષદભાઈ ભટ્ટ પડી ગયા બાદ ટોળા વચ્ચે દબાઈ જતાં અથાક પ્રયત્નો બાદ પણ ઉભા ન થઈ શકતા પગ નીચે ચગદાઈ જવાથી તેમનું મૃત્યુ નિપજ્યું હતું. ઉલ્લેખનીય છે કે વર્ષોથી થતા આ પલ્લી મેળામાં આ વર્ષે પ્રથમ વાર ધક્કામુક્કીમાં મૃત્યુની ઘટના બનવા પામી છે. આ ઘટનામાં કલોલ, કડી, અમદાવાદ સહિતના વિસ્તારમાંથી આવેલા અન્ય ૧૦ જેટલા શ્રદ્ધાળુઓને પણ સામાન્ય ઈજાઓ થતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. સદ્‌ભાગ્યે તે તમામની હાલત સુધારા પર છે. મૃત્યુ પામેલા પ્રૌઢ શ્રદ્ધાળુને ગંભીર હાલતમાં રૂપાલથી હોસ્પિટલ સમયસર પહોંચાડી દેવાયા હોત તો તેમનો ચોક્કસપણે બચાવ થઈ ગયો હોત પરંતુ ભારે મેદનીને પગલે એમ્બ્યુલન્સને આવવા-જવામાં જ ઘણો સમય લાગી જતાં સમય વધુ નિકળી ગયો હતો. આખરે પ્રૌઢાએ અંતિમ શ્વાસ છોડ્યો હતો.

પલ્લી મેળામાં ધક્કામુક્કીથી એકના મૃત્યુના કરૂણ સમાચાર સાંભળીને જિલ્લા પોલીસ વડા, જિલ્લા કલેક્ટર, મામલતદાર સહીતના ઉચ્ચ અધિકારીઓ બનાવ સ્થળે દોડી આવ્યા હતા. પ્રૌઢાનો મૃતદેહ પોસ્ટમોટમ માટે મોકલી ગાંધીનગર ડીવીઝનમાં ડીવાયએસપી જે.એ. જાડેજા તથા એલ.સી.બી. પી.આઈ. એસ.જી. પરમાર સહિત પેથાપુર પી.એસ.આઈ. કુવાડીયા તપાસ અર્થે સ્થળ પર તથા સિવિલ હોસ્પિટલમાં ઈજાગ્રસ્તો પાસે આવી પહોંચ્યા હતા. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.














